પોલેન્ડના પ્રધાનમંત્રીની ભારતની મુલાકાત (21-23 ઑક્ટોબર, 2026)

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના આમંત્રણ પર, પોલેન્ડ ગણરાજ્યના પ્રધાનમંત્રી મહામહિમ શ્રી ડોનાલ્ડ ટસ્ક 21-23 ઑક્ટોબર 2026 દરમિયાન ભારતની સત્તાવાર મુલાકાત લેશે. પ્રધાનમંત્રી શ્રી ડોનાલ્ડ ટસ્ક સાથે નાણાં અને અર્થતંત્ર મંત્રી શ્રી એન્ડ્રેઝ ડોમાન્સ્કી તથા એક મોટું વ્યાપારી પ્રતિનિધિમંડળ પણ ભારતની મુલાકાતે આવશે. પોલેન્ડના પ્રધાનમંત્રી તરીકે શ્રી ડોનાલ્ડ ટસ્કની આ બીજી ભારત મુલાકાત હશે, આ પહેલાં તેઓ 2010માં તેમના અગાઉના કાર્યકાળ દરમિયાન ભારતની મુલાકાતે આવ્યા હતા. પ્રધાનમંત્રી ટસ્કે યુરોપિયન કાઉન્સિલના પ્રમુખ તરીકે 2017માં ભારત-યુરોપિયન સંઘ (ઈયુ) શિખર સંમેલનમાં ભાગ લેવા માટે પણ નવી દિલ્હીની મુલાકાત લીધી હતી.

2. પ્રધાનમંત્રી ટસ્ક 22 ઑક્ટોબર 2026ના રોજ પ્રધાનમંત્રી મોદી સાથે દ્વિપક્ષીય ચર્ચા કરશે. આ દરમિયાન બંને નેતાઓ ભારત અને પોલેન્ડ વચ્ચેના સંબંધોના તમામ પાસાઓની સમીક્ષા કરશે. ઑગસ્ટ 2024માં પ્રધાનમંત્રી મોદીની પોલેન્ડ મુલાકાત દરમિયાન આ સંબંધોને વ્યૂહાત્મક ભાગીદારીના સ્તરે ઉન્નત કરવામાં આવ્યા હતા. તેઓ પરસ્પર હિતના પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર પણ મંતવ્યોનું આદાન-પ્રદાન કરશે. પ્રધાનમંત્રી ડોનાલ્ડ ટસ્ક બેંગલુરુની પણ મુલાકાત લેશે, જ્યાં તેઓ આઇટી અને અવકાશ ક્ષેત્રો સહિત વિવિધ વ્યાપારી હિતધારકો સાથે વાર્તાલાપ કરશે. ભારત-પોલેન્ડ બિઝનેસ ફોરમ નવી દિલ્હીમાં 22 ઑક્ટોબરના રોજ અને બેંગલુરુમાં 23 ઑક્ટોબરના રોજ યોજાશે.

3. આ મુલાકાત ભારત-પોલેન્ડ વ્યૂહાત્મક ભાગીદારીને વધુ મજબૂત બનાવવાની તથા વેપાર અને રોકાણ, સંરક્ષણ, ઉભરતી તકનીકો, નવીનીકરણીય ઊર્જા, શિક્ષણ, સંસ્કૃતિ અને લોકોથી લોકોના પરસ્પર સંબંધો સહિત પરસ્પર હિતનાં ક્ષેત્રોમાં સહયોગને આગળ વધારવાની તક પૂરી પાડશે. આ મુલાકાત ભારત-યુરોપિયન સંઘ (ઈયુ) સાથેની વ્યૂહાત્મક ભાગીદારીને વધુ ગાઢ બનાવવામાં પણ યોગદાન આપશે.

નવી દિલ્હી

19 ઑક્ટોબર, 2026